Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૩ · તા. ૧૮ થી ૨૪ ઑક્ટોબર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

K.D.O STUDENTS ASSOCIATION
Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

61 Shree KDO Students Association

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ - મુંબઈ
દ્વારા ૬૧ વર્ષે એક નવું પગલું

રજીસ્ટ્રેશન ફરજીયાત માત્ર ₹ 61 Non-Refundable

પાણી એ જીવન છે...
શુદ્ધ પાણી સેવન કરવું
એજ તંદુરસ્ત અને સમૃદ્ધ જીવનનું રહસ્ય છે.

આજ વિચારધારા સાથે વિદ્યાર્થીસંઘની આરોગ્ય પ્રધાન... સ્વસ્થ જ્ઞાતિ...
યોજના હેઠળ શુદ્ધ પાણી માટે માત્ર રૂ.૬૧/- માં પરિવાર* દીઠ
**"વોટર પ્યુરીફાયર વિતરણ યોજના"** સંકલ્પ દ્વારા **મુંબઇ** તેમજ પરાં વિસ્તારમાં
વસ્તા વિદ્યાર્થી, જ્ઞાતિજન શુદ્ધ પાણીનું સેવન કરે એ આશય સાર્થક કરાવનાર

**Last Date**
**31st October 2014**
*** T & C**
મર્યાદિત, વહેલા તે પહેલાના ધોરણે

દાનવીર શ્રેષ્ઠિવર્ય **માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર** (રાપર ગઢવારી)



આપણી જ્ઞાતિ... તંદુરસ્ત જ્ઞાતિ... સમૃદ્ધ જ્ઞાતિ...




મંગળવાર, તા. ૦૪.૧૧.૨૦૧૪
સમય : સાંજે ૬.૦૦ કલાકે થી...
સ્થળ : આઇ - સ્કુલ
આશા નિવાસ, DNS બેંકની બાજુમાં,
ખાડગે ચોક, નેતાજી સુભાષચંદ્ર બોસ રોડ,
ડોંબિવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨

ફોર્મ માટે સંપર્ક :

| મસ્જીદ બંદર-ભાંડુપ-કાંજુરમાર્ગ | ઘાટકોપર-ચેંબુર | મુલુન્ડ-થાણા-ડોંબિવલી | રેસ્ટ મુંબઇ |
|---|---|---|---|
| ઉર્મિન જયેશ લોડાયા (સુથરી) | હેમિલ જયેશ દંડ (વરાડીયા) | અનુજ ગિરીશ લોડાયા (રવા) | મયંક જીતેન્દ્ર મોમાયા (સાંયરા) |
| 9167060043 | 9819985339 | 9769484984 | 9022295750 |

શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સીટી કાચીગુડા હૈદરાબાદ ના
તત્વધાનમાં ભવ્ય મેડચલ તીર્થ (૭૨ જિનાલય) છરીપાલીત સંઘનું
જ્યોતીષાચાર્ય પ. પૂ. ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૩ની
પાવન નિશ્રામાં આયોજન થયેલ છે.



સ્વ.શ્રીમતી રાજબાઈ પદમશી મોતા



પ. પુ. સર્વોદય સાગરજી મ. સા.



સ્વ. શ્રી પદમશી ખીમજી મોતા

**શુભ પ્રસ્થાન :**

શનિવાર તારીખ ૨૨ નવમ્બર ૨૦૧૪ ના
શ્રી સિકન્દરાબાદ જૈન ભવનથી સવારના ઠીક ૫. ૦૦ વાગે

**તીર્થ ક્ષેત્રે પ્રવેશ : રવિવાર તારીખ ૨૩ નવેમ્બર ૨૦૧૪ ના**

લાભાર્થી પરીવાર:
માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર
હસ્તે શ્રીમતી મીનાબેન ગુલાબચંદ પદમશી મોતા
શ્રીમતી લતાબેન દિલીપચંદ પદમશી મોતા
શ્રીમતી ગ્રીષ્માબેન ગીરીશભાઈ પદમશી મોતા
શ્રીમતી તોરલ તિલેશ લક્ષ્મીચંદ દંડ
શ્રી અંકિત ધનજી ધરમશી
કચ્છ ગામ કુઆપધર હાલ કાચીગુડા હૈદરાબાદ

**યાત્રામાં જોડાવવા સહર્ષ ભાવભર્યું આમંત્રણ છે.**

વધુ વિગત માટે સંપર્ક :
**M/s. Alka Watch and Electronics : 09441916142**
**M/s. Alka Times and Electroonics : 09849842284**
**M/s. Alka Gifts and Novelties : 09849841765**
**M/s. Alka Marketing Puttibowdi : 09391007251**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા



**અંક નં. 43/2014**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.



**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


*તંત્રી સમીપે...*

# અનિશ્ચિતતાનો સુરેખ અંત સત્વરે લાવવો જ પડશે.

છેલ્લા કેટલાક દિવસોથી સમસ્ત મહાજન, મુંબઈ મહાજન, હુબલી મહાજન અને રાયપુર મહાજન દ્વારા થયેલી કે થઈ હોય એમ પાકે પાયે મનાતી ગતિવિધિઓને કારણે આગામી ડિસેમ્બરમાં રાયપુર ખાતે પ્રાયોજિત જ્ઞાતિ સંમેલન પર અનિશ્ચિતતાનાં વાદળો ઘેરાઈ ગયાં હોય તેવી પરિસ્થિતિમાં જ્ઞાતિ જાણે ધકેલાઈ ગઈ છે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

આ રીતે, મુંબઈ અને હુબલી મહાજનોના મતાનુસાર હાલના સંજોગોમાં ઉક્ત સંમેલન યોજાવું ન જોઈએ અને તેને એકાદ વર્ષ મોકૂફ રાખવું જોઈએ, ખાસ કરીને જ્યારે મુંબઈ મહાજનને નવી મુંબઈમાં મહાજનવાડી, હોલ અને અતિથિગૃહના સંકુલનું તેમજ શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહને ઘાટકોપરમાં નુતન વિદ્યાર્થીગૃહનું નિર્માણ કાર્ય પૂરૂં કરવા ખૂબ મોટા પાયા પર ફંડની આવશ્યકતા છે ત્યારે. આ અને અન્ય કારણોસર હુબલી અને મુંબઈના મહાજનોએ આ સંમેલનમાં સહયોગી થવા અસમર્થતા દર્શાવી છે.

અલબત્ત, આ બને મહાજનોમાં હુબલી મહાજને સત્તાવાર રીતે પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી છે પરંતુ મુંબઈ મહાજને તેને સત્તાવાર સમર્થન આપ્યું નથી. આમ છતાં એ પણ હકીકત છે કે મુંબઈ મહાજને, સંમેલનમાં ભાગ લેવો કે ન લેવો તેવા મહત્વના મુદ્દે પોતાની સામાન્ય સભા હજી સુધી બોલાવી નથી. આથી વ્યવસ્થાપક સમિતિની સભામાં એક યા બીજા પ્રકારે નિર્ણય લેવાય તેને આખરી ગણી શકાય કે કેમ તે પ્રશ્ન તો ઊભો જ રહે છે. જ્ઞાતિ સંમેલનમાં ભાગ લેવો કે ન લેવો તે અંગે વિચાર વિમર્શ કરવા સ્થાનિક જ્ઞાતિજનોને પોતાની સામાન્ય સભામાં તક ન અપાય ત્યાં સુધી તે મહાજનનો અધિકારી વર્ગ કે વ્યવસ્થાપક સમિતિ છેવટનું પગલું લઈ શકતા નથી તે વિષે બે મત ન હોઈ શકે.

પરંતુ બીજી બાજુ, રાયપુર મહાજન પણ હવે આ સંમેલનની યથાર્થતા અને સાર્થકતા પર એ મુદ્દે સવાલ કરી રહ્યું છે કે મુંબઈ અને હુબલી જેવા મોટા મહાજનોના વિરોધ અને અસહયોગ હોય ત્યારે સંમેલન પાછળ ૬૦ - ૭૦ લાખનો ખર્ચ કરવો સર્વથા અનુચિત છે અને ખાસ કરીને મુંબઈ મહાજન જ સંમેલનમાં જોડાતું ન હોય તો મુંબઈમાં જ્ઞાતિજનો અને અગ્રણીઓ પાસેથી સંમેલન ખર્ચ માટે અપેક્ષિત ફાળા - નાણાં મેળવા તેના માટે મુશ્કેલ કે અશક્ય છે.

આમ અત્યારે તો રાયપુર મહાજન અને સમસ્ત મહાજન વચ્ચે ઉક્ત બાબતે જે રીતે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે તેમાં રખેને ડિસેમ્બર ૨૦૧૪માં રાયપુરમાં જ્ઞાતિ સંમેલન ન યોજાય તેવી પરિસ્થિતિ ઉદ્દભવે તો તેના માટે પોતા પર દોષારોપણ ન થાય તે માટે પોત પોતાની રીતે સંરક્ષણતાની વાડ બાંધવાના પ્રયત્નો થઈ રહ્યા છે તેમ દેખાઈ આવે છે. આ રીતે સંમેલન બાબતે અનિશ્ચિતતાનો દોર લંબાઈ રહ્યો છે તે પરિસ્થિતિ બંને

મહાજનો કરતાં પણ જ્ઞાતિ માટે તો શોચનીય કરતાં પણ દયનીય વધારે લાગે છે.

આ દરમ્યાન મુંબઈ મહાજને અનંતનાથજી ટ્રસ્ટ અને વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીઓ માટે ૨૮ ડિસેમ્બર (સંમેલનનો છેલ્લો દિવસ)ની તારીખ નક્કી કરી દીધી છે એવી વાત જ્ઞાતિમાં એટલી બધી ઝડપથી ફેલાઈ ગઈ છે કે સૌ કોઈ તેને સાચી માની સ્વીકારતા થઈ ગયા છે. અલબત્ત, સત્તાવાર રીતે હજી સુધી મુંબઈ મહાજનના નોટિસ બોર્ડ પર ચૂંટણીની આ તારીખ કે અન્ય કોઈ તારીખ સૂચિત કરાઈ નથી. એ જે હોય તે, મુંબઈ મહાજનના અધિકારીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો આ રીતે સંમેલનની તારીખો સાથે ટકરાય એવા દિવસે ઉક્ત ચૂંટણી ન જ યોજાય તેટલી સમજણ, સૌજન્યતા અને પરિપક્વતા દાખવશે જ તેવો વિશ્વાસ ન રાખવા કોઈ કારણ નથી.

આવી કટોકટીની પરિસ્થિતિમાં સમસ્ત મહાજન હવે કેવી રીતે બાજી સંભાળી લે છે તેના પર તેના ખુદના અસ્તિત્વના મુદ્દે કટોકટી સર્જાઈ હોય તે પ્રકારના તેની સામે પોકારાયેલ પડકારને ઝીલે છે કે કેમ તે સવાલ હવે સપાટી પર આવી ગયો છે, તે સ્વભાવિક છે.

આમ એક બાજુ મુંબઈ મહાજન પોતાની ચૂંટણીઓની તારીખ ૨૮ ડિસેમ્બર કે ૨૧ ડિસેમ્બરના નિયત કરે, બીજી બાજુ હુબલી મહાજન અને મુંબઈ મહાજન આ સંમેલનમાં સહયોગ આપવા કે સહભાગી થવા અસમર્થતા જાહેર કરે અને ત્રીજી બાજુ રાયપુર મહાજન પણ પોતાના આંગણે સંમેલન યોજવાનું યજમાનપદ નિભાવવા અશક્તિ જાહેર કરે તેવી સત્તાવાર બનતી પરિસ્થિતિઓમાં છેવટનો નિર્ણય લેવા સમસ્ત મહાજને દિવાળી પછીના સપ્તાહમાં તેના ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની સભાઓ બોલાવી છે તેમાં શી કાર્યવાહી થશે તેના પર હવે સમગ્ર જ્ઞાતિનું ધ્યાન કેન્દ્રિત થયું છે.

આ બધી ગતિવિધિઓ અને સામસામા પડકાર ફેંકવા જેવા જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા છેલ્લા દોઢેક મહીનામાં રોજ બરોજ ખેલાતા દાવપેચોએ સમસ્ત જ્ઞાતિનું વાતાવરણ દુષિત અને કલુષિત કરી મુક્યું છે તેવા સંજોગોમાં જે અગત્યનો મુદ્દો ભૂલાવો ન જોઈએ તેનો પુનરોચ્ચાર કરવો પડે તેમ છે.


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
MRL Group of Companies

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

આગામી ડિસેમ્બરમાં મુંબઈમાં અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણીઓ થવાની છે તે માટે બંને જ્ઞાતિઓના એકીકરણ કે વિલીનીકરણને વિધિસરતા અને વૈધાનિક સ્વરૂપ આપવા સમસ્ત મહાજને આવશ્યક ઠરાવ પસાર કરવો જરૂરી છે જે સમસ્ત મહાજનનો સંમેલન બોલાવવા માટેનો મુખ્ય ઉદ્દેશ છે. આવા ઠરાવ વિના વસતીપત્રક સમિતિએ પણ પોતે સત્તાવાર રીતે જ્ઞાતિનું વસતીપત્રક બહાર પાડી શકશે નહીં તેવી ભૂમિકા લીધી છે.

આ પશ્ચાદભૂમાં મુંબઈ મહાજનના અધિકારીઓ સમસ્ત મહાજન દ્વારા પસાર થવા જરૂરી એવા આ પ્રકારના ઠરાવનું મહત્વ અવગણીને અનંતનાથજી ટ્રસ્ટની અને મુંબઈ મહાજનની ચૂંટણીઓ યોજશે તો અનેક કાનૂની મડાગાંઠો ઊભી થવાની શક્યતા છે જેનું જોખમ કે ગંભીરતા ઓછા આંકી શકાય તેમ નથી.

અત્યારની સમગ્રતયા પરિસ્થિતિના નિષ્કર્ષ રૂપે આ તબક્કે સમસ્ત મહાજને બનતી ત્વરાએ અનિચ્છનીય હદે જ્ઞાતિમાં જે ધુંધળું વાતાવરણ સર્જાયું છે તેને સત્વરે દૂર કરવાના પ્રયાસ રૂપે એ બાબતે નિર્ણય લેવો પડશે કે શું એક દિવસ માટે પણ સંમેલન યોજી બંને જ્ઞાતિઓના એકીકરણ કે વિલીનીકરણને માન્યતા આપી નજીકના ભવિષ્યમાં યોજાનાર અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની ચૂંટણીઓમાં મતાધિકારને મુદ્દે કોઈ કાનુની અડચણ ન આવે તે સર્વાધિક મહત્વના હેતુસર ઉપયુક્ત ઠરાવ પસાર કરવા ઉપરાંત સમસ્ત મહાજનને ભલે સર્વોપરી હકુમત ધરાવતી કેન્દ્રીય સંસ્થા તરીકે સ્વીકૃતિ ન મળે પરંતુ તેને સભ્ય મહાજનો દ્વારા યોગ્યતઃ સન્માનીયતા મળે તે પ્રકારના બંધારણીય સુધારા તેમજ જ્ઞાતિને આવનારા એકાદ દશક માટે વિશાળ જ્ઞાતિ હિતમાં સર્વાગ્રિમ પ્રાથમિકતા આપતી બાબતોએ સ્પષ્ટ દિશા સૂચન મળે તેવા ઠરાવો પણ પસાર કરવા ઉચિત કાર્યવાહી કરવી છે કેમ? અને શું આ સઘળી કાર્યવાહી એક દિવસની સમય મર્યાદામાં કરવી શક્ય છે કે કેમ તેની પણ પર્યાપ્ત વિચારણા થવી જોઈએ.

અલબત્ત, યોગ્ય પૂર્વ કાર્યવાહી કરી પ્રસ્તાવિત ઠરાવોના મુસદ્દા અંગે સભ્ય મહાજનોને વિશ્વાસમાં લઈને સંમેલન પહેલાં જ અનૌપચારિક સંમતિ મેળવી લઈ સંમેલનમાં એક પછી એક ઠરાવોને વધુ ચર્ચા કર્યા વિના પસાર કરવા શક્ય છે જ.

આવું એક દિવસનું સંમેલન બોલાવવાનું નક્કી થાય તો રાયપુર મહાજન હજી પણ તૈયારી દર્શાવતું હોય તો રાયપુરમાં અન્યથા અન્ય સાનુકૂળ સ્થળે સંમેલન બોલાવવા સમસ્ત મહાજન સમુચિત કાર્યવાહી કરી શકે છે.

આશા રાખીએ કે નવેમ્બરના પહેલાં સપ્તાહ દરમ્યાન મળનાર સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની સભાઓમાં સૌ સબંધિતો પોતા પોતાના પૂર્વગ્રહો અને અત્યાર સુધી લીધેલા વલણોથી ઊપર ઊઠીને વિશાળ જ્ઞાતિહિતમાં એક સુગ્રથિત ઐક્ય ધરાવતી જ્ઞાતિની પ્રતિમા ઊભારવા કૃતનિશ્ચયી બનશે.

- રા.


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786



યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


દિવાળી એટલે જૈનો માટે માત્ર બહાર જ નહીં અંતરમાં પણ દિવા કરવાનો ઉત્સવ એ ન ભુલીયે.

- તન - મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**આઠમી સ્વર્ગારોહણ તિથીએ સ્મરણાંજલિ....**

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬ સં.૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં.૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨ સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા**
**પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

વાત્સ્લ્યથી છલકાતા....
ભક્તિભાવથી ભરપુર...
સ્વાધ્યાયમાં લયલીન...
કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ...
સરળતા...સહજતા... અને સમતા...
ના ત્રિવેણી સંગમ ઉપર સુશોભિત
જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું
એવા
શાસન પ્રભાવિકા **પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી**
**મ.સા.**ની છઠ્ઠી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે
ચરણકમળમાં કોટિ કોટિ વંદના....
આપની અમીદષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

**-: શ્રધ્ધાસુમન :-**

**સા. ગુણલક્ષ્મીશ્રીજી,**
**સા. જયધર્માશ્રીજી,**
**સા. જયદર્શિતાશ્રીજી,**
**સા. હિમાંશુશ્રીજી**
**તથા**
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
**(બાંઢિયા-ઐરોલી)**

## વતનના વહેણ :

## માધાપરની વીરાંગનાઓ ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ

૧૯૭૧ ના યુદ્ધ વખતે ભુજ હવાઈદળના મથકનો રન - વે હવાઈ હુમલામાં નષ્ટ થયા બાદ માધાપરના વીર અને વીરાંગનાઓએ તાબડતોબ કામગીરી કરીને ઝડપી નવો રનવે બનાવી આપ્યો એ બહાદુરીભરી દેશસેવાની ઘટના ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠોમાં લખાઈ છે અને રહેશે એમ ૭.૧૦.૧૪ આ વીર મહિલાઓને સન્માનના કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત દક્ષિણ - પશ્ચિમ એર કમાન્ડના વડાએ જણાવ્યું હતું.

આઠમી ઓક્ટોબરે એરફોર્સ દિવસની ઉજવણી પહેલાં અહીંના એરફોર્સ સ્ટેશન ખાતે આયોજિત ખાસ કાર્યક્રમમાં એર ઓફિસર કમાન્ડિંગ ચીફ ઓફ સાઉથ - વેસ્ટર્ન એર કમાન્ડ દલજીતસિંઘે કહ્યું હતું કે, ૭૧ ના યુદ્ધમાં હવાઈપટ્ટી તૂટી ગયા બાદ સ્થાનિક વહીવટી તંત્રનો સંપર્ક કરવામાં આવતા માધાપર ગામની બહાદુર મહિલાઓએ કટોકટી કાળમાં પડકાર ઝીલી લીધો. હવાઈ હુમલાઓ વચ્ચે સરાહનીય કાર્ય કર્યું છે.

આ સમારંભમાં ૭૦ વીરાંગનાઓ સહિત ૯૦ જણનું તેમની ૧૯૭૧ના યુદ્ધમાં બહાદુરીભરી કામગીરી માટે સન્માન કરવામાં આવ્યું હતું. એરફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિયેશન (રીઝિયોનલ)ના અધ્યક્ષા હરજીત કૌરના હસ્તે વીરાંગનાઓને રૂા. ૫૦,૦૦૦ની રકમ અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ બાદ એર માર્શલ ત્રિરંગા સાથેની સાડીમાં સજ્જ વીર મહિલાઓને રૂબરૂ મળ્યા હતા. મહિલાઓએ તેમના સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

- **સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.**
- **રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.**

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા
92234 25676

## નલીયા (કચ્છ) મધ્યે ચૌદમો નિ:શુલ્ક નિદાન કેમ્પ

# ચૌદમો નિદાન કેમ્પ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ

મોતા ફલીયા, નલીયા.( તા: અબડાસા ) કચ્છ. ફોન નં. ૦૨૮૩૧ - ૨૨૨૨૧૫

દ્વારા આયોજીત

## ઈનર વ્હીલ ક્લબ ઓફ બોમ્બે ડાઉનટાઉન

અને

## ઈનર વ્હીલ ક્લબ ઓફ ગાંધીધામ

ના સહકારથી

## નિષ્ણાત તથા નામાંક્તિ ડોકટરો દર્દીઓનું નિદાન કરશે.

**દર્દીઓને કેમ્પના સ્થળે મફત (ફ્રી) દવાઓ આપવામાં આવશે.**

આ નિદાન કેમ્પમાં આંખના રોગો, દાંતના રોગો, સ્ત્રી રોગો અને જનરલ રોગોનું નિદાન કરવામાં આવશે.

જાહેર જનતાને આ કેમ્પનો લાભ લેવા વિનંતી

કેમ્પના સ્થળે દર્દીઓના નામની નોંધણી ૧લી નવેમ્બર, ૨૦૧૪ થી ચાલુ છે.

❖ તારીખ ❖

**૨૩મી નવેમ્બર ૨૦૧૪ - રવીવાર**

❖ સમય ❖

**સવારના ૯:૩૦ થી**

**બપોરના ૧:૩૦ સુધી**

❖ સ્થળ ❖

**શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન,**

**મોતા ફલીયા,**

**નલીયા.(કચ્છ)**

**❖ સૌજન્ય ❖**

**પરમ પુજ્ય શ્રી વિજય શાંતીસુરીશ્વરજી મહારાજસાહેબના ભકતજનો તથા કેમ્પનાં સહયોગી દાતાશ્રીઓ**

**❖ આયોજક ❖**

**ઈનર વ્હીલ ક્લબ ઓફ બોમ્બે ડાઉનટાઉન,** મુંબઈ **ઈનર વ્હીલ ક્લબ ઓફ ગાંધીધામ,** ગાંધીધામ (કચ્છ)

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાસી ) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ૧લે માળે, ઘાટલા રોડ, ચેમ્બુર ( ઇસ્ટ ),મુંબઇ - ૪૦૦૦૭૧.

ફોન નં. ( ૦૨૨ ) ૨૫૨૦૭૮૪૬ / ૪૭. ઇ - મેઇલ : kdonaliyatrust @gmail.com.

મુખ્ય કાર્યાલય : મોતા ફલીયા , નલીયા - ૩૭૦૬૫૫. તાલુકા : અબડાસા. ( કચ્છ )

## સ્ત્રી-પુરુષ એકબીજાના સમકક્ષ બનવાની જરૂર નથી!

**વનિતા**



**વિશ્વ**

*જીસ કી કોખ સે જન્મ હોતાઃ*
*વહાઁ માઁ*
*જીસ કે પેટ પર ખેલને મેં મઝા*
*આતાઃ વહ પિતા*
*જો ધારણ કરતીઃ વહ માઁ*
*જો સિંચન કરતાઃ વહ પિતા*
*જીસ કે સ્તન સે દુધ પિયા જાતાઃ વહ માઁ*
*જીસ કી મૂછેં ચુભને પર ભી ચુંબન લિયા*
*જાતાઃ વહ પિતા*
*જો ગોદ મેં લેકર સહલાતીઃ વહ માઁ*
*જો હાથોમેં ધરકર ઉંચા ઉઠાતાઃ વહ પિતા*
*જો ઉંગલી પકડકર ચલના સીખાતી વહઃ માઁ*
*જો કંધો પે લેકે દૌડના સીખાતાઃ વહ પિતા*
*જો ડૂબ ડૂબ ગગરી કરતીઃ વહ માઁ*
*જો હર હર ગંગે કરતાઃ વહ પિતા*
*જો આંચલ તલે દબાતીઃ વહ માઁ*
*જો પિંજડે સે નિકાલતાઃ વહ પિતા*
*જો વ્યાકુલ હોતીઃ વહ માઁ*
*જો સંયમ સિખાતાઃ વહ પિતા*
*જો આશીર્વચન જૈસીઃ વહ માઁ*
*જો નમસ્કાર તુલ્યઃ વહ પિતા*
*જીસ કે સિવા જીવન નહીંઃ વહ માઁ*
*જીસ કે સિવા ભવિષ્ય નહીંઃ વહ પિતા*

*મૂળ કાવ્યઃ* **વિશ્વાધાર દેશમુખ**
*અનુવાદ :* **સુનીલ કુલકર્ણી**

***'કવિતાઃ પિતા કી' નામની આ કવિતા*** એકદમ યુનિક છે, માનીં લો કે કાવ્ય સામાન્ય છે. તો પણ તેનો વિષય સાવ નોખો, નિરાળો છે. કવિતા અને એ પણ પિતા પર? 'જનની જેડ સખી નહીં જડે રે લોલ... કે 'મા તે મા, બાકી બધા વગડાના વા...' કે એવું બધું હોય તો સમજ્યા. પણ પિતાનાં ગુણગાન? કવિઓએ નારીને એટલી હદે અબળા, બિચારી અને લાચાર દર્શાવી છે કે પુરુષ આપમેળે જ ક્રૂર, દયાહિન અને જુલમી દેખાતો થઇ ગયો છે. મા તે મા.. છે એ કબૂલ, પણ બાકીના બધા વગડાના વા છે એમ કેમ કરીને માની લેવું?

પ્રકૃતીએ સ્ત્રી-પુરુષને અલગ અલગ પ્રકારનાં શરીર આપ્યાં છે અને કદાચ પ્રકૃતિએ જ એ શરીર રચના મુજબ બેઉને જુદા જુદા પ્રકારની ભૂમિકાઓ આપી છે. સૌએ પોતાનો રોલ આબાદ પ્લે કરવાનો રહે છે. સ્ત્રી હોમ મેકર છે એ સાચું પણ પુરુષ કંઇ હોમ બ્રેકર નથી. સ્ત્રી પોતાનાં પરિવાર પ્રત્યેના સમર્પણભાવ થકી 'હોમ બનાવે છે ત્યારે તેમાં પુરુષના પુરુષાર્થ, મહેનત અને ક્યારેક જ પ્રગટ થતા પરિવારપ્રેમના ઇંટ-કોન્ક્રીટનું પણ યોગદાન હોય છે.

હોમ અને હાઉસ વચ્ચે તફાવત છે. એટલો જ ફર્ક છે જેટલો ઘર અને મકાન વચ્ચે છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે સમજણ સેતુ રચાય અને સાયુજ્ય સધાય ત્યાં ઇંટ-ચૂનો અને કોન્ક્રીટનું મકાન આપોઆપ હસતું-રમતું-ગેલ કરતું ઘર બની જાય. આવી સંવાદિતા ન સર્જાય એ ઇમારત કદાચ ગમે તેટલી ભવ્ય હોય-તેને ઘર ન કહેવાય. હા! એને વૈભવી મકાન જરૂર ગણાવી શકાય.

આવા વૈભવી મકાન કરતા તૂટલુંફૂટલૂં ઘર ક્યારેક વધુ રળિયામણું લાગે. હાર્મની પાસે એક પ્રકારની સુંદરતા હોય છે. ક્યારેક આજની તારીખે પણ નાના શહેરમાં પતિ-પત્ની એક જ સાઇકલ પર જતાં હોય એવા દશ્યો જોવા મળી જાય છે. પતિ સાઇકલ ચલાવતો હોયે અને પત્ની પાછળ બેઠી હોય. નવાઇ તો ત્યારે લાગે જ્યારે એમને ચાલુ સાઇકલે એકમેક સાથે હસી-હસીને વાતો કરતાં નિહાળીએ! એ બેઉ વચ્ચેનું નિર્ભેળ હાસ્ય ક્યારેક ગાડીમાં જતા યુગલ વચ્ચે પથરાયેલા ભારેખમ મૌન કરતા વધુ કીમતી છે.

સ્ત્રી-પુરુષ એક રથનાં પૈડાં છે એ સ્વીકાર કરો તો પણ બીજી જ પળે એ પણ માનવું પડે કે બેઉની ભુમિકા સાવ ભિન્ન છે, એકમેકથી નોખી છે. સ્ત્રી જ્યારે પુરુષ સમોવડી બનવા જાય ત્યારે પોતાના સ્ત્રીત્વનું એ જાતે જ અપમાન કરે છે. તેનું આપણું એકદમ લાજવાબ છે. સ્ત્રીપણું એ સ્વયં એક મજબૂત જમાપાસું છે. તમે ક્યારેય રેસલિંગ રિંગમાં ઉતરતી સ્નાયુબદ્ધ સ્ત્રી જોઇ છે? તેને કદાચ પોતાની જાત પર ગમે તેટલો ગર્વ થતો હશે પણ વાસ્તવિકતા એ છે કે, એ દશ્ય ખરેખર કદરૂપું હોય છે. સ્ત્રીને પુરુષસમોવડી થવાની જરૂર નથી, પુરુષને સ્ત્રી

બનવાની આવશ્યકતા નથી. પુરુષ પોતે પુરુષ બની રહે અને સ્ત્રી ખુદ સ્ત્રી બનીને રહે તેમાં જ બેઉનું ગૌરવ છે.

સ્ત્રીનું ગૌરવ જગતે બહુ કર્યું છે. બેશક, તેનું અપમાન પણ ઘણું થયું છે, પરંતુ એક માતા તરીકે વિશ્વની તમામ સંસ્કૃતિએ સ્ત્રીને માન આપ્યું છે, તેના ગુણગાન ગાયાં છે. પિતા તરીકે પુરુષને તેના ભાગની ક્રેડીટ મળી નથી. સ્ત્રી અને પુરુષ વચ્ચે જે સ્વભાવગત તફાવત છે એવો જ ફર્ક માતા અને પિતા વચ્ચે રહેવાનો. પુરુષ ભાગ્યેજ સ્ત્રી જેટલો એક્સપ્રેસિવ હોય છે. સંતાનો પ્રત્યે પણ એ બહુ જૂજ કિસ્સામાં એક્સપ્રેસિવ બની શકતો હોય છે. સ્ત્રીની જેમ એને વારંવાર લાગણી પ્રદર્શિત કરતા આવડતું નથી, ફાવતું નથી, પરંતુ તેનો અર્થ એવો હરગિજ નથી કે એ લાગણીશુન્ય હોય છે. એ કદાચ વત્તાઓછા અંશે બેફિકર હોઈ શકે, પણ તેને બેજવાબદાર ન ગણી શકાય.

સંતાનો સાથે માતાનો સંવાદ વધુ થતો હોય છે. બેશક ઝાઝા ભાગનાં કિસ્સામાં સંતાનો પોતાની માતાથી વધુ ક્લોઝ હોય છે. પુરુષ બોલકો નથી. તેની લાગણી સંવાદોમાં નહી, વર્તનમાં અને તેના નિર્ણયોમાં છલકાતી હોય છે. આર્થિક રીતે ખેંચાઇ જાય એમ હોવા છતાં ઉત્તમોત્તમ સ્કુલમાં બાળકનું એડમિશન એ જ્યારે લે છે ત્યારે એ એક પ્રકારે વહાલ જ છલકાવતો હોય છે. વીક-એન્ડમાં મોંઘી રેસ્ટોરાંમાં કે મોંઘા એમ્યુઝમેન્ટ પાર્કમાં એ બાળકને લઇ જાય છે, ત્યારે તેનો સ્નેહ જ નીતરતો હોય છે. દીકરો દસમું પાસ કરે અને બદલામાં બાઇક માગે છે. પિતા પડ્યો બોલ ઝીલતો રહે છે. શુક્રવારે લાગેલી ફિલ્મ ક્યારેક સોમ-મંગળ સુધી જોવાની ફુરસત મળતી નથી આઉટિંગ માટે તક મળતી નથી. આવું ચાલ્યા કરે છે. તો એ વચ્ચે પણ એ જવાબદારી નિભાવતો રહે છે. ક્યારેક એ વચનો પાળે છે, કોઇ વખત બહુ ઇચ્છા છતાં બાળકોને આપેલું પ્રોમિસ પાળી શક્યો નથી. હા! જ્યારે જ્યારે એ સંતોની ડિમાન્ડ સંતોષી ના શકે-અચૂક ગિલ્ટ ફીલિંગ થાય છે તેને. આ અપરાધભાવ જ તેને વિશિષ્ટ બનાવે છે. એ અપરાધભાવ પણ તેની લાગણીનું એક પ્રતીક છે જો ઓળખી શકો તો!

**- કિન્નરી આચાર્ય**

॥ શ્રી મહાવીર સ્વામીને નમઃ ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમઃ ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

જખૌ મહાજન Estd. 1966

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

## વાર્ષિક સામાન્ય સભા

તા. ૧૪/૧૦/૨૦૧૪

**પ્રતિ,**
**જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જીનેદ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રી ની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૦૯/૧૧/૨૦૧૪, બપોરના ૩.૦૦ કલાકે, શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વ) ખાતે બોલાવવામાં આવેલ છે.

**એજન્ડા**

૧. ગતમીટીંગ ની મીનીટસ નું વાંચન અને બહાલી.
૨. મહાજન ની પ્રવૃતિઓનું અહેવાલ.
૩. મહાજન તથા ટ્રસ્ટ બોર્ડના વર્ષ ૨૦૧૩-૨૦૧૪ આન્વેષીત હીસાબોની રજુઆત અને બહાલી.
૪. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ઓડીટર ની નીમણુક કરવાબાબત.
૫ આવક - જાવક પત્રોનું વાંચન.
૬. પ્રમુખશ્રી ની મંજુરીથી જે કોઈ વિશય રજુ થાય તે બાબત ચર્ચા વિચારણા.

**નોંધ :** કોરમ ના અભાવે મુલતવિ રહેલ સભા અડધા કલાક બાદ એજસ્થળે મળશે જેમાટે કોરમ ની જરૂર રહેશે નહી તથા એજન્ડા મુજબ કાર્યવાહી આગળ વધારાશે જેનો નીર્ણય સર્વે સભ્યોને માન્ય રહેશે.

લી.
**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**
**શ્રી કેશરસીંહ આણંદજી ખોના શ્રી નીલેશ (નયન) રમેશ મોમાયા**
**માનદ્ મંત્રીઓ**

# શ્રી અરિહંત કો. બેંક લી. નાં શેર હોલ્ડરો માટે

## માડેલ બાયલોઝ પ્રમાણે સામાન્ય / સક્રિય / નોમિનલ સભ્ય બનવા જરૂરી માહિતી તથા નિયમો.

માનનીય સભ્યો,

બેંકની તા : ૧૩.૦૪.૨૦૧૩ ની સ્પેશીઅલ જનરલ સભામાં અપનાવેલ મોડેલ બાયલોઝ પ્રમાણે, અને તા. ૧૪.૩.૨૦૧૪ ના કમિશ્નર ઓફ કો - ઓપરેશન, ગવર્નમેન્ટ ઓફ મહારાષ્ટ્ર દ્વારા મોડેલ બાયલોઝને મંજુરી મળતા, સભ્યોને નીચે મુજબના અમલમાં આવેલ ફેરફારોની નોંધ લેવા વિનંતી.

**સામાન્ય સભ્ય:** ૧૮ વર્ષની અથવા એથી મોટા વયની કોઈ પણ વ્યક્તિ, બેન્કના ઓપરેશન વિસ્તાર (એટલે કે બૃહદ મુંબઈ સંપૂર્ણ વિસ્તાર, થાણે, નવી મુંબઈ અને રાયગઢ જીલ્લો) માં વસવાટ કરતા હોય કે વ્યવસાય અથવા ધંધો કે નોકરી કરતા હોય અને જેમની પાસે બેંકમાં ખાતું હોય જેમાં ઓછામાં ઓછા રૂ. ૫૦૦/- જમા હોય અને બેંક પાસેથી જરૂરી સેવાઓ લેતા હોય તો બેન્કના સામાન્ય સભ્ય તરીકે અરજી કરી શકે, જો નીચે મુજબની રકમની ચુકવણી કરેલી હોય તો.

૧. પ્રવેશ ફી રૂ. ૧૦૦/- અને ૨. ઓછામાં ઓછા રૂ. ૧,૦૦૦/- ની કિંમતના શેર (એટલે ૪૦ શેર કિમંત રૂ. ૨૫)

**સામાન્ય સભ્યપદમાં બે પ્રકાર છે :** ૧. સક્રિય સભ્ય અને ૨. બિન સક્રિય સભ્ય.

**સક્રિય સભ્ય :** સામાન્ય સભ્ય તોજ સક્રિય સભ્ય બની. શકે જો (બેન્કના બાય લોઝ નં. ૧૪ અને ૧૫ પ્રમાણે) ૧. ઓછામાં ઓછા રૂ. ૧,૦૦૦/- ની કિંમતના શેર (એટલે ૪૦ અથવા એથી વધુ શેર) અને ૨. સતત ઓછામાં ઓછી રૂ. ૫,૦૦૦/- ની બેંકમાં ડીપોઝીટ હોય (બધા પ્રકારના ખાતાઓ મળીને) અથવા રૂ. ૫૦,૦૦૦/- અથવા એથી વધુની મંજુર કરાયેલી અને વપરાયેલ લોન હોય, અને ૩. છેલ્લા પાંચ વર્ષમાં ઓછામાં ઓછી એક જનરલ બોડી મીટીંગમાં હાજરી હોય.

આવા સક્રિય સભ્યોનેજ, જો બેંકના ડીફોલ્ટર ન હોય તો, બેન્કના બોર્ડની સામાન્ય ચુંટણીમાં મત આપવાનો હક્ક મળશે.

**બિન સક્રિય સભ્ય :** સતત પાંચ વર્ષમાં જે સભ્યે ઓછામાં ઓછી બેંકની એક જનરલ બોડી મીટીંગમાં હાજરી ન આપી હોય કે બેન્કમાંથી ઓછામાં ઓછી કોઈ પણ એક સેવાનો લાભ ન લીધો હોય તો એ સભ્ય બિન સક્રિય સભ્ય તરીકે ઓળખાશે અને એ સભ્યને બેંક દ્વારા વર્ષના અંત પછી ૩૦ દિવસની અંદર આ બાબત જણાવાશે. બિન સક્રિય સભ્યને બેંકના જાહેર કરેલા કોઈ પણ કન્સેશનનો લાભ નહિ મળે અને આ સભ્યોને બેન્કના બોર્ડ ઓફ ડીરેક્ટરની ચૂંટણીમાં મત આપવા મળશે નહીં. આ રીતે જાહેર કરાયેલ સભ્યોએ નોટીસ મળ્યાનાં ૬૦ દિવસની અંદર પાછા સક્રિય સભ્ય થવા રજીસ્ટ્રારને લેખિતમાં અપીલ કરવાની રહેશે.

**જોઈન્ટ સહભાગી સભ્ય :** જે વ્યક્તિનું નામ, મુખ્ય શેરધારકના નામ પછી આવતું હોય તો એવા સભ્ય સહભાગી સભ્ય તરીકે ઓળખાશે. આવા સહભાગી સભ્યને બેન્કની જનરલ બોડી મીટીંગમાં હાજરી / નોટીસ અને જાહેર થયેલ ડીવીડન્ડ મેળવાના હક્કને પાત્ર નહીં રહે. મુખ્ય શેરધારકના મૃત્યુ બાદ આવા સહભાગી સભ્યને બેન્કની જનરલ બોડી મીટીંગમાં મત આપવાનો અધિકાર મળશે (જો એ સભ્ય માઈનર નહિ હોય તો જ).

**નોમિનલ સભ્ય :** જે વ્યક્તિ સહવારસદાર (કો - પાર્સનર) કે બાહેંધારી આપનાર (ગેરંટર) હોય અથવા જે વ્યક્તિ બેન્કની લોન લેનાર સભ્યના જામીન તરીકે ઊભા રહેવા માગતા હોય

એવી વ્યક્તિને બેંક નોમિનલ સભ્ય તરીકે રૂા. ૧૦૦/- નોન રીફંડેબલ પ્રવેશ ફી અને અરજી બેંકને મળવાથી નોમિનલ સભ્ય તરીકે સ્વીકારી શકાય. આવા સભ્યો બેન્કના શેર સર્ટીફીકેટ, વાર્ષિક રીપોર્ટ કે ડીવીડન્ડના હકદાર નહિ રહે. આવા સભ્યોને બેન્કની જનરલ બોડી મીટીંગમાં હાજરી આપવા કે મત આપવા અને / અથવા બોર્ડની ચુંટણીમાં મત આપવાનો હક્ક મળશે નહીં.

**બોર્ડ ઓફ ડીરેક્ટર તરીકે ચૂંટણી લડવાની ઉમેદવારની લાયકાતો :** ફક્ત સક્રિય સભ્ય જ બોર્ડ ઓફ ડીરેક્ટરની ચૂંટણી લડવા પાત્ર ઉમેદવાર થઈ શકે ૧. એવા સભ્ય જે પોતે રૂ. ૧૦,૦૦૦/- ની કિમંતના અથવા એથી વધારેના શેર ધરાવતા હોય (એટલે ઓછામાં ઓછા ૪૦૦ કે એથી વધુ શેર). ૨. આવા ઉમેદવારનાં નામ ઉપર બેંકમાં ઓછામાં ઓછી રૂ. ૫૦,૦૦૦/- ની ડીપોઝીટ હોવી જોઈએ. ૩. વિજેતા ઉમેદવારે બેંકમાં રૂા. ૫૦,૦૦૦/- કે એથી વધારેની ડીપોઝીટ, બોર્ડની પૂરી મુદત સુધી રાખવાની રહેશે. જ્યારે કે અનામત સીટ (MCS Act 1960 નાં સેક્શન 73B અને 73C અંતર્ગત માટેના ઉમેદવારોએ ઉપર મુજબની શેર કેપીટલ અને ડીપોઝીટના ૫૦ ટકા રાખવાના રહેશે.

**બોય લોઝ નં. (૧૪) :** સક્રિય સભ્ય : સક્રિય સભ્ય એટલે એવી વ્યક્તિ જે બેન્કના બાય લોઝ પ્રમાણે સામાન્ય સભ્ય થયા હોય અને નીચે મુજબની શરતોને પૂરી કરી હોય:

૧. બેન્કની જનરલ બોડી મીટીંગમાં છેલ્લા પાંચ સતત વર્ષોમાં ઓછામાં ઓછી એક સભામાં હાજરી આપી હોય.

૨. બાય લોઝ નં. (૧૫) પ્રમાણે ઓછામાં ઓછી બેન્કની સેવાઓ વાપરી હોય.

બોય લોઝ નં. (૧૫) : સક્રિય સભ્ય બનવા માટે ઓછામાં ઓછી સેવાઓ:

૩૧ મી માર્ચ ૨૦૧૩ ના વર્ષના બેન્કની નાણાકીય પરિસ્થિતી પ્રમાણે :

| | | |
|---|---|---|
| **૧. ઓછામાં ઓછા શેર હોવા** | **:** | **રૂા. ૧,૦૦૦/- અથવા એથી વધારે** |
| **૨. બેન્કની ડીપોઝીટ હોવી** | **:** | **રૂા. ૫,૦૦૦/- અથવા એથી વધારે** |
| **૩. લોન / બોરોવર** | **:** | **રૂા. ૫૦,૦૦૦/- અથવા એથી વધારે** |

**પ્રોવીઝો - ૧ :** ડીપોઝીટર એટલે સામાન્ય સભ્ય, જેની કુલ થાપણો (બધા પ્રકારના ખાતાઓ મળી), એમના પોતાના નામે કે ફર્મ / કંપની / સોસાયટી / ટ્રસ્ટ ના નામે હોય અને જેના પ્રોપ્રાઈટર / ડાયરેક્ટર / ઓફીસ બેરર / ટ્રસ્ટી એજ વ્યક્તિ હોય, એમને ઉપર મુજબ જણાવેલ રકમથી ઓછી ન હોવી જોઈએ.

**પ્રોવીઝો - ૨ :** બોરોવર એટલે સામાન્ય સભ્ય જે કોઈ પણ પ્રકારની બેંક દ્વારા મંજુર કરાયેલી ક્રેડીટ ફેસીલીટી ધરાવતો હોય અને એ ફેસીલીટી વપરાતી રહેતી હોય.

## બેન્કના વર્તમાન શેરધારકોને નોટીસ

આપણી બેંકના વર્તમાન શેરધારકોને જણાવવાનું કે બેન્કના રુલ્સ અને બાયલોઝ પ્રમાણે જરૂરી રકમ તા. ૩૧ મી માર્ચ ૨૦૧૫ પહેલાં આપના શેરના રોકાણ ઓછામાં ઓછા રૂા. ૧,૦૦૦/- (એટલે ઓછામાં ઓછા ૪૦ શેર) થાય એ પ્રમાણે ભરવાની તથા વધારાના શેર લેવાની અરજી તથા KYC ની વિગતો / દસ્તાવેજો (જો આપ્યા ના હોય તો) વખતસર આપવા વિનંતી.

**સહી**
**કે.ડી. ખોના**
**ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર**

## તડકાનો વિટામીનઃ વિટામીન ''ડી''

ડો. વીરચંદ લખમશી નાગડા MBBS. - Bom મો. ૯૮૨૧૩૮૫૬૫૨

શરીરને જોઈતા બધા પોષક તત્વોમાં વિટામીન ''ડી'' અલગ તરી આવે છે. ગમે તેટલા લીલા શાકભાજી ખાઓ કે ગમે તેટલા ફાઈબર ખાઓ વિટામીન ''ડી'' શરીરને નહીં મળે આપણી ચામડી પર તડકો પડે એટલે શરીર પોતાની મેળે વિટામીન ડી તૈયાર કરે એવી કુદરતી રચના છે, આમ વિટામીન ''ડી'' બધા વિટામીનોથી અલગ તરી આવે છે.

ચીઝ, બટર, માર્ગરીન, મશરૂમ, ફોર્ટીફાઈડ દૂધ, ફોર્ટીફાઈટ સીરીઅલ્સ, વિટામીન 'ડી' ઉમરેલ હોય એવા પીણા અને યોગર્ટમાંથી આપણને વિટામીન 'ડી' મળે છે. વિટામીન 'ડી' કેલશ્યમને શરીરમાં શોષાવામાં મદદ કરે. હાડકા અને દાંતના ડેવલપમેન્ટ માટે કેલશ્યમ બહુ જરૂરી છે અને એ રીતે વિટામીન 'ડી' ખુબ જરૂરી છે. આ વિટામીન ચરબીમાં ઓગળે છે ભારતીય લોકોની રોજની વિટામીન 'ડી' ની જરૂરિયાત ૧૦ માઈક્રોગ્રામ છે.

તડકો ચામડી પર પડે એટલે વિટામીન 'ડી' બને પણ ઉમર વધે તેમ ચામડી વિટામીન 'ડી' ઓછું બનાવે. મોટા ભાગના ભારતીય લોકોને વિટામીન 'ડી' ની ઉણપ હોય છે. એક અભ્યાસમાં જણાયું છે કે ૮૦ ટકા ભારતીયોમાં વિટામીન 'ડી' ની ઉણપ હોય છે અથવા ૧૦ માંથી ૯ જણાને ઉણપ હોય છે, ખાસ કરીને સ્ત્રીઓમાં. ભારત એ તડકાની ભુમિ છે છતાં આટલી બધી વિટામીન 'ડી' ની ઉણપ વિચારવા લાયક છે.

વિટામીન 'ડી' ની ઉણપને લીધે હાડકાં દાંત તો નબળા રહે છે પણ સાથે સાથે સ્નાયુ પણ કમજોર થાય છે, શરીરમાં થાક જણાય છે. શરીરમાં ઝીંકના શોષણમાં અંતરાય આવે છે અને તેથી ચામડીની તકલીફો થાય છે. તે ઉપરાંત હૃદયની બિમારીઓ, જાડાપણું, ડાયબીટીઝ, ટી.બી. જેવા ઈન્ફેકશન, મોટા આંતરડા, સ્તન, ઓવરી અને પ્રોસ્ટેટના કેન્સર પણ થઈ શકે છે. નવા અભ્યાસ પ્રમાણે વિટામીન 'ડી' ની ઉણપને લીધે મગજ અસ્થિર (સીઝોફેનીયા) થવાની શક્યતા બમણી થઈ જાય છે. વિટામીન 'ડી' ની સાથે જો વિટામીન 'બી' ની પણ ઉણપ હોય તો મગજની નસો (નવર્સસ) ની કાર્યક્ષમતા ઘટે છે. બાળકોમાં વિટામીન 'ડી'ની ઉણપને લીધે હાડકા નબળાં થાય છે અને સુકતાન (રીકેટસ) નામની બિમારી થાય છે. જેમાં બાળકના પગ વાંકા વળી જાય છે.

શહેરી બેઠાડુ જીવન જીવવાથી, ઘરની અંદર જ રહેવાથી, સુરજના કિરણોથી દૂર રહેવાથી વિટામીન 'ડી' ની ઉણપ થાય છે. લોહીની તપાસથી આ ઉણપનો ખ્યાલ આવે છે. બાળકો જેમના હાડકા સ્નાયુનો વિકાસ થઈ રહ્યો હોય છે, અને મોટી ઉમરનાને વિટામીન 'ડી' એને કેલશ્યમ આહાર દ્વારા યોગ્ય પ્રમાણમાં લેવા જોઈએ અને તડકો શરીર પર પડે એનું ધ્યાન રાખવું જોઈએ.

